# ચેક રિટર્નના કેસમાં આરોપીને સજા કરાવતા બાબરાના એડવોકેટ શ્રી રાજુભાઈ બારૈયા

## એડવોકેટ રાજુભાઇની દલીલો ગ્રાહય રાખતી કોર્ટ



બાબરા, (દિપક કનૈયા)વડીયા તાલુકાના મોટી કુકાવાવ ગામના રહીશ વિપુલભાઈ વિઠ્ઠલભાઈ દેસાઈ મોટી કુકાવાવ ગામે ઘણા સમયથી પટેલ ઓટો કન્સલ્ટ ના નામે સેકન્ડ હેન્ડ ફોરવીલ ગાડીનો લેવેચનો વ્યવસાય કરે છે બનાસકાંઠા જિલ્લાના થરાદ તાલુકાના મોરીલા ગામના રહીશ મેરાજભાઈ બાબાભાઈ રબારી પણ સેકન્ડ હેન્ડ ફોરવીલ ગાડીનો લેવેચ નો વ્યવસાય કરે છે મેરાજભાઈ બાબાભાઈ રબારી અવાર નવાર પટેલ ઓટો કન્સલ્ટ માંથી સેકન્ડ હેન્ડ ફોરવીલ ગાડી લઈ જતા હતા જેથી પટેલ ઓટો કન્સલ્ટના પ્રોપરાઈટર વિપુલભાઈ વિઠ્ઠલભાઈ દેસાઈ તથા મેરાજ ભાઈ બાબાભાઈ રબારી એકબીજાના પરિચયમાં આવેલા અને મેરાજભાઈ બાબાભાઈ રબારી એ વિપુલભાઈ વિઠ્ઠલભાઈ દેસાઈ સાથે સારા સંબંધો કેળવેલા તારીખ ૨૬-૬-૨૦૨૩ ના રોજ મેરાજભાઈ બાબાભાઈ રબારીએ પટેલ ઓટો કન્સલ્ટ માંથી રૂ. ૩૧,૮૨,૯૮૦ ની કિંમતની પાંચ સેકન્ડ હેન્ડ ફોરવીલ ગાડીઓ ૧૫-૨૦ દિવસની મુદત માટે ડેબિટમાં ખરીદ કરેલ ત્યારબાદ મેરાજભાઈ બાબાભાઈ રબારીએ પટેલ ઓટો કન્સલ્ટની લેણી રકમ ચૂકવવા માટે રૂ. ૩૧,૮૨,૯૮૦ નો ચેક લખી આપેલ ત્યારબાદ સદર ચેક બેંક માંથી રીટર્ન થતાં પટેલ ઓટો કન્સલ્ટના માલિક વિપુલભાઈ વિઠ્ઠલભાઈ દેસાઈએ મેરાજભાઈ બાબાભાઈ રબારી રહે.મોરીલા વાળા સામે વડીયાના પ્રિન્સિપાલ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટર શ્રી રવિ કુમાર આર. પરમારની કોર્ટમાં ચેક રીટર્ન અંગેની ધી નેગોસીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટ ની કલમ ૧૩૮ ના ગુના મુજબની પ્રાઈવેટ ફોજદારી ફરિયાદ દાખલ કરેલ હતી. ત્યારબાદ નામદાર કોર્ટે મેરાજભાઈ બાબાભાઈ રબારી રહે. મોરીલા વાળા સામે કાનૂની કાર્યવાહી ચાલુ કરી ટ્રાયલ ચલાવવામાં આવેલ ત્યારબાદ વડીયા ના પ્રિન્સિપાલ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ શ્રી રવિ કુમાર આર. પરમાર ની કોર્ટમાં ચાલી જતા ફરિયાદ પક્ષ પોતાનો કેસ આ કામના આરોપી વિરુદ્ધ સાબિત કરતા વડીયાના પ્રિન્સિપાલ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ શ્રી રવિ કુમાર આર. પરમારે આરોપી મેરાજભાઈ બાબાભાઈ રબારી રહે.મોરીલા વાળાને બે વર્ષની સાદી કેદની સજાનો હુકમ કરેલ છે તેમજ ચેક ની રકમ દંડ પેટે ફરિયાદી વિપુલભાઈ વિઠ્ઠલભાઈ દેસાઈ ને ચૂકવી આપવાનો પણ હુકમ કરેલ છે આ કેસમાં ફરિયાદી પટેલ ઓટો કન્સલ્ટ ના પ્રોપરાઈટર વિપુલભાઈ વિઠ્ઠલભાઈ દેસાઈ રહે. મોટી કુકાવાવ વાળા તરફે બાબરાના સિનિયર એડવોકેટ શ્રી રાજુભાઈ બારૈયા રોકાયેલા હતા.

# અવધ ટાઇમ્સની સીધી વાત

## જિલ્લાના પ્રશ્નો અને વિકાસ માટે અવિરત ઝુઝુમતા ભાજપના પાયાના કાર્યકર શ્રી રવુભાઇ ખુમાણની અવધ ટાઇમ્સ સાથે સીધી વાતચીત

# રાજયમાં ચીફ ઓફીસરની ઘટ છે : શ્રી રવુભાઇ ખુમાણ

**રાજુલામાં ચીફ ઓફીસરની ખાલી જગ્યા ભરવા માટે ગાંધીનગર ખાતે ગયેલ શ્રી રવુભાઇ ખુમાણ કહે છે કે, દોઢ વર્ષથી રાજુલામાં ચીફ ઓફીસર જ નથી!**

**ખાંભાના શ્રી દિલીપભાઇ જોષી, શ્રી કમલેશભાઇ પરમાર, શ્રી રમેશભાઇ જાદવ, શ્રી ભાવેશભાઇ જાદવ પણ ગાંધીનગરમાં શ્રી રવુભાઇ ખુમાણની સાથે જોડાયા**



અમરેલી, (ફીલ્ડરિર્પોટર)

જિલ્લાના પ્રશ્નો અને વિકાસ માટે અવિરત ઝુઝુમતા ભાજપના પાયાના કાર્યકર અને અમરેલી જિલ્લા ભાજપના પુર્વ મહામંત્રી શ્રી રવુભાઇ ખુમાણ ગાંધીનગરમાં કાર્યકર્તાઓ સાથે જોવા મળ્યા હતા અવધ ટાઇમ્સ સાથે સીધી વાતચીતમાં શ્રી રવુભાઇ ખુમાણે જણાવેલ કે, રાજુલામાં નગર પાલિકામાં ચીફ ઓફીસરની જગ્યા ખાલે છે અને તેના માટે અમારે ગાંધીનગર રજુઆત કરવા આવવું પડયું છે.

રાજુલા પાલિકામાં ચીફ ઓફીસરની ખાલી જગ્યા ભરવા માટે કાર્યકર્તાઓ સાથે છેક ગાંધીનગર ગયેલ શ્રી ખુમાણ અવધ ટાઇમ્સને કહે છે કે, ગામના લાઇટ, ગટર, સફાઇ, પાણી જેવા નાના નાના એવા પ્રશ્નો ચીફ ઓફીસર હોય તો તરત ઉકેલાય અને અમારા રાજુલામાં હાલ વહીવટદારનું શાસન છે.

ચાર્જમાં ચીફ ઓફીસર આવે છે પણ અમારે કાયમી ચીફ ઓફીસર જોઇએ છે રાજુલાના ભાજપના જ ધારાસભ્ય શ્રી હિરાભાઇ સોલંકીએ પણ રજુઆત કરી છે પણ પાલિકાઓમાં ચીફ ઓફીસરોની કાયમી ઘટ રહે છે તેમ શ્રી ખુમાણે અવધ ટાઇમ્સ સાથેની વાતચીતમાં જણાવ્યું હતુ.

ખાંભા તાલુકા ભાજપના પ્રભારી શ્રી દિલીપભાઇ જોષી, માધવ હોટલ રાજુલાના શ્રી કમલેશભાઇ પરમાર, ખાંભા તાલુકા ભાજપ મહામંત્રી શ્રી રમેશભાઇ જાદવ, ખાંભા તાલુકા પંચાયત સદસ્ય શ્રી ભાવેશભાઇ જાદવ પણ ગાંધીનગરમાં શ્રી રવુભાઇ ખુમાણની સાથે જોડાયા હતા.

**ખાલી જગ્યા ભરવા માટે કાર્યકર્તાઓ સાથે છેક ગાંધીનગર ગયેલ શ્રી ખુમાણ કહે છે કે, લાઇટ, ગટર, સફાઇ, પાણી જેવા પ્રશ્નો ચીફ ઓફીસર હોય તો તરત ઉકેલાય રાજુલામાં વહીવટદારનું શાસન છે, ધારાસભ્ય શ્રી હિરાભાઇ સોલંકીએ પણ રજુઆત કરી છે પણ પાલિકાઓમાં ચીફ ઓફીસરોની કાયમી ઘટ રહે છે**

# વડીયાના તોરી ગામે રામરોટી શરૂ કરતાં શ્રી ગોબર ભગત

## નાના બાળકો, નિરાધાર લોકોને કાયમી મદદરૂપ બનતાં સેવાભાવીઓ



તોરી, (વિનુભાઈ કોટડીયા)વડીયાના રામપુર તોરી ગામે શ્રી ગોબર ભગત દ્વારા રામરોટી ચલાવવામાં આવે છે. જિલ્લાના છેવાડાના ગામ રામપુરમાં નાના બાળકો, નિરાધાર લોકોને મદદરૂપ બનાવાના હેતુથી દાનગીગેવ જન્મભુમિ સ્થળ આપાગીગા જન્મ સ્થળ પર ભજન કિર્તન, રામ રોટીની કામગીરી શરૂ થતાં બાળકોને ભોજન કરાવ્યું હતું. સતત સેવામાં મદદ કરતાં ચતુરભાઇ, શ્રી રાજુભાઇ દવે, બાબુભાઇ ગેવરીયા, બાલુભાઇ વોરા, ચેતનભાઇ તળાવીયા, રાજુભાઇ બુહા, ચેરનભાઇ બોરડ, શ્રી ગઢવી, શ્રી વિનુભાઇ કોટડીયા, કિરીટભાઇ સોજીત્રા, જયરાજભાઇ વેકરીયા, મનોજભાઇ ગોંડલીયા, મનિષભાઇ ભેસાણીયા, મનસુખભાઇ પોસીયા દ્વારા ગ્રામજનોના સહકારથી સેવાપ્રવૃતિમાં ઘુસાભાઇ ગોંડલીયા ખાસ મદદરૂપ બને છે તેમ જણાવ્યું છે.

## જિલ્લા રોજગાર કચેરી દ્વારા ભરતી મેળો : વેબ પોર્ટલના માધ્યમથી ૩૦મી એ ભરતી મેળો યોજાશે : ખાનગી ક્ષેત્રના એકમોમાં ભરતી

# અમરેલી શહેરમાં સિનિયર સીટીઝન સોસાયટીનો વાર્ષિકોત્સવ ઉજવાયો

## ભાજપ અગ્રણી ડો. ભરત કાનાબારના અધ્યક્ષ પદે આયોજન



અમરેલી, સિનિયર સિટીઝન સોસાયટી અમરેલી ૧૮મો વાર્ષિકોત્સવ ભવ્યતા થઈ હોટલ રવી થાળ માં ઉજવાયો, પ્રમુખ સ્થાને ડો.ભરતભાઈ કાનાબાર તથા અતિથિ વિશેષ તરીકે વડોદરાથી નટુભાઈ પટેલ ની ઉપસ્થિતિ માં ઉજવાયો ગયો. પ્રાર્થના, બાદ વડીલો દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. સાહિત્યકાર ચંદ્રકાત ગઢવી અને ઉર્વશી ગઢવી દ્વારા લોકસાહિત્ય રજુ થયેલ. પ્રમુખશ્રીરવજીભાઈ કાચા એ ડો.કાનાબાર તથા કનુભાઈ જોષી એ નટુભાઈ પટેલનું શાલ પુષ્પગુચ્છ અર્પણ કરી સન્માન કરવામાં આવ્યું હતુ ડો.કાનાબારએ જણાવ્યું કે આવું સરસ વડીલો દ્વારા મંડળ ચાલે છે તે માટે શુભેચ્છા નટુભાઈ પટેલ ૧૫૮ ચાલતા મંડળના પ્રવૃતિ વિશે જણાવ્યું રાષ્ટ્રગીત બાદ મીટીંગ સંપન્ન થઈ તેમ કનુભાઈ જોષીએ જણાવ્યું હતું.

## આંતરરાષ્ટ્રીય હિંદુ પરીષદ બજરંગ દળ સહિત

# રાષ્ટ્રીય મહિલા પરિષદ અને છાત્ર મજદુર પરીષદની સૌરાષ્ટ્ર પ્રાંતની બેઠક મળશે

## ચોટીલાનાં શ્રી જલારામ મંદિરે બેઠકમાં આગેવાનોની ઉપસ્થિતી



અમરેલી, આંતરરાષ્ટ્રીય હિન્દુ પરિષદ રાષ્ટ્રીય બજરંગદળ રાષ્ટ્રીય મહિલા પરિષદ ઓજોસવની રાષ્ટ્રીય છાત્ર પરીષદ રાષ્ટ્રીય મજદૂર પરીષદ રાષ્ટ્રીય કિસાન પરીષદ ની સૌરાષ્ટ્ર પ્રાંત બેઠક તા ૨૮/૭/૨૦૨૪ રવિવારે સુરેન્દ્રનગર જીલ્લાનુ ચોટીલા જલારામ મંદિર ખાતે યોજાશે તેમાં અધ્યક્ષ સ્થાને ઘ઼િ પ્રવિણભાઈ તોગડીયા સ્થાપક અધ્યક્ષ આંતરરાષ્ટ્રીય હિન્દુ પરિષદ ના ઉપસ્થિત રહેશે તેમજ રાષ્ટ્રીય મંત્રી શ્રી માલાબેન રાવલ આંતરરાષ્ટ્રીય હિન્દુ પરિષદ રાષ્ટ્રીય મંત્રી શ્રી રણછોડભાઈ ભરવાડ ઉપસ્થિત રહેશે આ બેઠકમાં આગામી દિવસોમાં હિન્દુ સમાજ સંગઠીત કરી ને જાગૃત થાય એવા પ્રયાસો કરવા પડશે વિવિધ વિષયો પર ચર્ચા કરવામાં આવશે હનુમાન ચાલીસા પાઠ કરવા ની યોજના ગુજરાત મા ૨૫ હજાર મંદિર તોડી પાડવા ની ગુજરાત સરકાર નોટિસ ફટકારી છે રીપોર્ટ તૈયાર કરવામાં આવશે આગામી કુંભ મેળો યોજાય તેમા વૈશ્વિક હિન્દુ સંમેલન યોજાશે તેમાં એક કોરોડ લોકો માટે ભોજન વ્યવસ્થા કરવામાં આવશે આંતરરાષ્ટ્રીય હિન્દુ પરિષદ દ્વારા કરવામાં આવીશે સૌરાષ્ટ્ર પ્રાંત અધ્યક્ષ માં ડો.ગજેરા સૌરાષ્ટ્ર પ્રાંત કાયેકારી અધ્યક્ષ માંબકુલભાઈ ખાખી મહામંત્રી શશીકાંત પટેલ સંગઠન મંત્રી નિર્મળભાઈ ખુમાણ વસંતભાઈ પટેલ.






## ચાંદિપુરા વાયરસને કારણે લોકો ચિંતીત

# સાવરકુંડલામાં આરોગ્ય તંત્ર ઘોર નિંદ્રામાં

## શહેરમાં તાત્કાલીક ડીડીટી છંટકાવવા માંગણી



સાવરકુંડલા, (સૌરભ દોશી) સમગ્ર ગુજરાતમાં ચાંદીપુરા વાયરસ મચાવી રહ્યો છે ત્યારે સાવરકુંડલા નું તંત્ર હજી ઘોરનિંદ્રા ની અંદર છે ત્યારે સાવરકુંડલા ની અંદર ધીમી ધારે વરસી રહેલ વરસાદના કારણે મચ્છરોનો ખૂબ જ ઉપદ્રવ વધ્યો છે ત્યારે તંત્ર દ્વારા ડી.ડી ટી નો છંટકાવ થશે કે પછી સાવરકુંડલા ની જનતાનો આરોગ્ય જોખમમાં મુકાશે.

## ગટરનું પાણી રોડ ઉપર ફેલાતુ અટકાવો

# અમરેલીમાં ફરીયાદોનો ધોધ વહેતા વિપક્ષ આકરા પાણીએ

## શહેરમાં વરસાદના પાણીનો નિકાલ કરવા ઉઠેલી લોક માંગણી

અમરેલી, અમરેલી શહેરના જુદા જુદા વિસ્તારમાં વરસાદી પાણીના નિકાલ કરવા માટે નગરપાલિકા દ્વારા જે ગટરો બનાવવામાં આવેલ છે તે તમામ ગટરો હાલમાં બ્લોક હોય જેથી વરસાદની સીઝનમાં ગટરનું પાણી રોડ-રસ્તા ઉપર ફેલાતુ હોય જેથી આ વિસ્તારમાં ચાલતા વાહન ચાલકો તથા વિસ્તારના રહેવાસીઓ, વેપારીઓને ખુબ જ હાલાકી પડે છે. તો આ મુદ્દાનો કાયમી નિરાકરણ કરવા અને ગટરની સાફસફાઈ કરાવવા નમ્રવિનંતી છે તેમજ હાલમાં લાઠી રોડ, ચિતલ રોડ નું વરસાદી પાણી સેન્ટર પોઈન્ટ ચિતલ રોડ થી થઈને સોમનાથ મંદિર સુધી પાણી એકી સાથે પ્રવાહમાં આવતુ હોય અને તેની સાથે શહેરની ગંદકી, કચરો વગેરે આ વિસ્તારમાં રહેતા લોકોના ઘર સુધી પહોંચતા હોય આ ગટરો પણ બ્લોક થઈ ગયેલ છે અને ઘણા સમયથી આ ગટર સાફ કરવામાં આવેલ નથી તો આ ગટરોની પણ સાફ સફાઈ કરાવવા અને આ જે સમસ્યા છે તેનું કાયમી નીરાકરણ કરવા વિનંતી તથા જુના તળના વિસ્તાર- ટાવર રોડ, હરી રોડ, રાજકમલ ચોક જેવા વિસ્તારોમાં ખુબ જ પાણી ભરાતુ હોય અને આના કારણે વેપારીઓ હેરાન પરેશાન થતા હોય તો જે જુના ગામતળની જે ગટરો પેક થઈ ગયેલ છે તે ખોલાવી અને સાફ કરાવી અને પાણીનો નિકાલ કરવા અમરેલી નગરપાલિકા વિપક્ષ નેતા સમીર કુરેશી દ્વારા અખબારી યાદી માં જણાવ્યું છે.


















AVADH TIMES DAILY
સત્યમેવ જયતે
અવધ ટાઇમ્સ
તા.૨૫-૦૭-૨૦૨૪ ગુરૂવાર

# નિર્મલા સીતારામનનું સહુને રાજી રાખવાની મથામણ કરતું વિકાસપ્રિય સર્વતોમુખી બજેટ

નાણાકીયવર્ષ ૨૦૨૪-૨૫ના સંપૂર્ણ બજેટમાં એક મુદ્દા પર ખૂબ ધ્યાન આપવામાં આવ્યું છે તે છે યુવાનોને રોજગાર. નાણાપ્રધાન નિર્મલા સીતારમણે રૂ. ૨ લાખ કરોડના ખર્ચ સાથે ત્રણ યોજનાઓ શરૂ કરવાનું વચન આપ્યું છે, જેમાં ૪.૧ કરોડ યુવાનોને ફાયદો થવાનો દાવો કરવામાં આવ્યો છે. જેમાં રોજગારીની સાથે કૌશલ્ય વિકાસનો પણ સમાવેશ થાય છે. કૌશલ્ય વિકાસ માટે ૫ વર્ષમાં દેશની ૫૦૦ મોટી કંપનીઓમાં ૧ કરોડ યુવાનોને ઈન્ટર્નશીપ આપવાની દરખાસ્ત કરવામાં આવી છે. આ યોજનાને સફળ બનાવવા માટે, સરકાર માત્ર નાણાકીય સહાય જ નહીં, પરંતુ કંપનીઓને ભજીઇ ફંડમાંથી તાલીમ પર ખર્ચ કરવાની પણ મંજૂરી આપવામાં આવી છે.

છેલ્લી લોકસભા ચૂંટણીમાં ભાજપને રોજગારના મુદ્દે કેટલાક રાજ્યોમાં યુવાનોના રોષનો સામનો કરવો પડ્યો હતો. એવું લાગે છે કે તેમાંથી પાઠ શીખીને એનડીએ સરકારે આ યોજનાઓની જાહેરાત કરી છે. આ સાથે બજેટની જાહેરાતો દ્વારા શઘછના સહયોગી વર્ઘે અને્ ઘઁને ખુશ કરવાનો પ્રયાસ પણ જોવા મળ્યો હતો.

વચગાળાના બજેટ બાદ મધ્યમ વર્ગને પણ રાહતો મળતી ન હોવાની ફરિયાદ ઉઠી હતી. નાણામંત્રીએ ૨૦૨૪-૨૫ના સંપૂર્ણ બજેટમાં પણ આ અંગે વાત કરી છે. તેમણે પગારદાર કર્મચારીઓ માટે સ્ટાન્ડર્ડ ડિડક્શનની રકમ રૂ. ૫૦ હજારથી વધારીને રૂ. ૭૫ હજાર કરીને અને નવા ટેક્સ શાસનના ટેક્સ સ્લેબમાં ફેરફાર કરીને આ વર્ગને રાહત આપી છે. પાછલા નાણાકીય વર્ષમાં, બે તૃતીયાંશ કરદાતાઓ નવી કર વ્યવસ્થામાં હતા, તેથી ઘણા લોકોને તેનો લાભ મળશે. આશા છે કે આનાથી વપરાશમાં વધારો થશે.

આ સાથે સરકાર આગામી પાંચ વર્ષમાં શહેરી વિસ્તારોમાં ૧ કરોડ ગરીબ અને મધ્યમ વર્ગના લોકોને ૨.૨ લાખ કરોડ રૂપિયાની આવાસ સહાય પૂરી પાડશે, જ્યારે તેના પર કુલ ૧૦ લાખ કરોડ રૂપિયાનો ખર્ચ થવાની અપેક્ષા છે ઈન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપમેન્ટ પર ફોકસ કરો. આ માટે નાણામંત્રીએ ૧૧.૧૧ લાખ કરોડ રૂપિયાના મૂડી ખર્ચનો પ્રસ્તાવ મૂક્યો છે, જે ર્ઘઁના ૩.૪% છે. છેલ્લા વર્ષોમાં મૂડી ખર્ચમાં થયેલા વધારાને કારણે દેશનો આર્થિક વિકાસ દર ઊંચો રહ્યો છે.

ઈન્ફ્રાસ્ટ્રક્ચર પર સરકારનું ધ્યાન એ હકીકત પરથી પણ સ્પષ્ટ થાય છે કે નાણામંત્રીએ આગામી ૫ વર્ષમાં આ ક્ષેત્ર માટે મજબૂત નાણાકીય સહાય પૂરી પાડવાનું વચન આપ્યું હતું. આ સંદર્ભે, કેન્દ્ર તરફથી પણ રાજ્યોને આર્થિક સહાય ચાલુ રહેશે. નાણામંત્રીએ કહ્યું છે કે વર્તમાન નાણાકીય વર્ષમાં રાજ્યો માટે ૧.૫ લાખ કરોડ રૂપિયાની વ્યાજમુક્ત લોનની જોગવાઈ કરવામાં આવી રહી છે. આ બજેટ રોજગાર, કૌશલ્ય વિકાસ, મધ્યમ વર્ગ અને ઈન્ફ્રાસ્ટ્રક્ચર પર ધ્યાન કેન્દ્રિત કરે છે. ૨ લાખ કરોડમાંથી ૪.૧ કરોડ યુવાનોને રોજગાર, ૫૦૦ મોટી કંપનીઓમાં ઈન્ટર્નશિપ અને સ્ટાન્ડર્ડ ડિડક્શન ૭૫ હજાર રૂપિયાની જોગવાઈ છે. ૧૧.૧૧ લાખ કરોડનો મૂડી ખર્ચ ઈન્ફ્રાસ્ટ્રક્ચરને વેગ આપશે.

વચગાળાના બજેટ બાદ મધ્યમ વર્ગને પણ રાહતો મળતી ન હોવાની ફરિયાદ ઉઠી હતી. નાણામંત્રીએ ૨૦૨૪-૨૫ના સંપૂર્ણ બજેટમાં પણ આ અંગે વાત કરી છે. તેમણે પગારદાર કર્મચારીઓ માટે સ્ટાન્ડર્ડ ડિડક્શનની રકમ રૂ. ૫૦ હજારથી વધારીને રૂ. ૭૫ હજાર કરીને અને નવા ટેક્સ શાસનના ટેક્સ સ્લેબમાં ફેરફાર કરીને આ વર્ગને રાહત આપી છે. પાછલા નાણાકીય વર્ષમાં, બે તૃતીયાંશ કરદાતાઓ નવી કર વ્યવસ્થામાં હતા, તેથી ઘણા લોકોને તેનો લાભ મળશે. આશા છે કે આનાથી વપરાશમાં વધારો થશે.

આ સાથે, આગામી પાંચ વર્ષમાં, સરકાર શહેરી વિસ્તારોમાં ૧ કરોડ ગરીબ અને મધ્યમ વર્ગના લોકોને ૨.૨ લાખ કરોડ રૂપિયાની આવાસ સહાય પૂરી પાડશે, જ્યારે તેના પર કુલ ૧૦ લાખ કરોડ રૂપિયાનો ખર્ચ થવાની ધારણા છે.

છેલ્લા ઘણા બજેટથી આ સરકાર ઈન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપમેન્ટ પર ધ્યાન આપી રહી છે. આ માટે નાણામંત્રીએ ૧૧.૧૧ લાખ કરોડ રૂપિયાના મૂડી ખર્ચનો પ્રસ્તાવ મૂક્યો છે, જે ર્ઘઁના ૩.૪% છે. છેલ્લા વર્ષોમાં મૂડીખર્ચમાં થયેલા વધારાને કારણે દેશનો આર્થિક વિકાસ દર ઊંચો રહ્યો છે.

તે જ સમયે, બજેટમાં ટૂંકા ગાળાના અને લાંબા ગાળાના કેપિટલ ગેઈન ટેક્સમાં વધારો કરવાની જાહેરાત પછી, બેન્ચમાર્ક સૂચકાંકો સેન્સેક્સ અને નિફ્ટીમાં નોંધપાત્ર ઘટાડો થયો હતો, પરંતુ જ્યારે બજાર બંધ થયું ત્યારે તે વધુ કે ઓછા બંધ રહ્યા હતા. સોમવારના સ્તર સુધી. જોકે, મિડ-કેપ અને સ્મોલ-કેપ સૂચકાંકોમાં નબળાઈ વધુ હતી. ફ્યુચર્સ અને ઓપ્શન્સ પર ટેક્સમાં પણ વધારો થયો છે, જેના વિશે પહેલેથી જ અટકળો હતી. જોકે, અમુક નાણાકીય અસ્કયામતો પરના મૂડી લાભોમાંથી મુક્તિ વધારીને વાર્ષિક રૂ. ૧.૨૫ લાખ કરવામાં આવી છે.

જોકે કર વધારાથી રોકાણકારો નિરાશ થયા છે, પરંતુ વિદેશી રોકાણકારો અને ખાસ કરીને રેટિંગ એજન્સીઓ સતત રાજકોષીય કોન્સોલિડેશનથી ખુશ થશે. તે જ સમયે, નાણામંત્રીએ એન્જલ ટેક્સ નાબૂદ કરવાની જાહેરાત કરી છે, જે સ્ટાર્ટઅપ રોકાણકારો માટે સારા સમાચાર છે. આ સાથે નાણામંત્રીએ સુધારાના આગામી રાઉન્ડનું વચન પણ આપ્યું છે. જો તે જમીન અને શ્રમ જેવા ક્ષેત્રોમાં સુધારાના વચનને પૂર્ણ કરવામાં સક્ષમ છે, તો તે ચોક્કસપણે વિકાસની ગતિને વેગ આપશે.

### નફા પેટે કમિશન આપવાની લાલચ આપી

# બગસરાના બે વેપારી સાથે પંદર લાખની છેતરપિંડી

## બગસરામાં કંપનીના માર્કેટિંગ મેનેજર મહિલા સહિત બે એ છેતરપિંડી કર્યાની બગસરા પોલીસમાં ફરિયાદ

અમરેલી, (ક્રાઈમ રિપોર્ટર) બગસરામાં રહેતાં બ્રિજેશભાઈ જયંતિલાલ રાઠોડ ઉ.વ.૨૬ને આરસી ઓનલાઈન કંપનીના માર્કેટિંગ મેનેજર, રૂબિનાબેન હનીફભાઈ ચાનીયાએ બ્રિજેશભાઈ સાથે મોબાઈલ તથા એસીના ખરીદી વ્યવહાર કરી નફા પેટે કમિશન આપવાની લાલચ આપી ખરીદી દરમિયાન વિશ્વાસ કેળવી બ્રિજેશભાઈ પાસેથી તેમજ અલગ અલગ વેપારીઓ પાસેથી મોબાઈલ, આઈફોન છ નંગ, રૂા.૩,૯૩,૦૦૦ તથા વન પ્લસ મોબાઈલ પાંચ નંગ રૂા.૧,૭૯,૦૦૦ તથા આઈકુનીઓ ફોન એક નંગ રૂા.૩૫,૧૫૦, એસી હાયર કંપનીનું બે નંગ રૂા.૬૬,૦૦૦ તથા આઈએફબી એસ નં.-૨ રૂા.૬૧,૦૦૦ મળી કુલ રૂા. ૭,૩૪,૧૫૦ની ખરીદી કરી તે રકમની ચુકવણી ન કરી બ્રિજેશભાઈ સાથે બ્રિજેશભાઈ સાથે રૂા.૭,૩૪,૧૫૦ની ઠગાઈ કરી ઉપરોક્ત વસ્તુઓ મંગાવી રકમ ન ચુકવી છેતરપિંડી કરી પ્રિતીબેન રાજેન્દ્રભાઈ જોગી રહે. બગસરાવાળાને ક્રોમટન કંપનીના પંખા ૪૦૦ નંગનો ઓડર આપી પંખાના રૂા. ૭,૪૦,૦૦૦ ન આપી છેતરપિંડી કરી બન્ને આરોપીઓએ સાથે મળી ફરિયાદી પોતાના બાકી નિકળતા હિસાબના પૈસા રૂબરૂ બન્ને આરોપીઓના ઘરે માંગવા જતાં ગાળો બોલી ધમકી આપ્યાની બગસરા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

# લીલીયામાં ૨ અને વડીયામાં એક વાહનચાલકે બાઇક પુર ઝડપે ચલાવતાં પોલીસમાં ગુનો નોંધાયો

## લીલીયા અને વડીયા પોલીસમાં અલગ અલગ ફરિયાદો

અમરેલી, (ક્રાઈમ રિપોર્ટર) લીલીયા બસ સ્ટેશન પાસે અમરેલીના વિશાલ વાલજીભાઈ પાટડીયા તથા નાવલી બજારમાં લીલીયા તાલુકાના લોકી ગામના પ્રવિણ દેવશીભાઈ દેલવાણીયાએ બાઈક પુર ઝડપે અને બેફિકરાઈથી ચલાવતાં મળી આવતા પોલીસે ગુનો નોંધેલ જયારે વડીયામાં રાજેશ બાબુભાઈ મકવાણા પોતાનું બાઈક પુર ઝડપે અને બેફિકરાઈથી માણસોની જીંદગી જોખમાય તે રીતે ચાલવી મળી આવી ગુનો કરતાં વડિયા પોલીસે કાર્યવાહી હાથ ધરી હતી.

# બાબરા નજીક કર્ણુકી ગામે વૃધ્ધે લીધેલ વ્યાજ સહિતના નાણા ચુકવી દીધા છતાં ઉઘરાણી

## બિલખાના શખ્સે પઠાણી ઉઘરાણી કરી જમીન પડાવી અવાર નવાર

## ૧૪ લાખ તથા વ્યાજની ઉઘરાણી કરી ભાઇને ધમકી આપ્યાની ફરિયાદ

અમરેલી, (ક્રાઈમ રિપોર્ટર) બાબરા તાલુકાના કોટડાપીઠા ગામના બહાદુરભાઈ રામભાઈ બસીયા ઉ.વ. ૬૫એ મકાનની લોન ભરવા માટે રૂપિયાની જરૂર પડતાં બિલખા ગામના ભગીરથ રામભાઈ બસીયા પાસેથી સને - ૨૦૧૬ના વર્ષમાં રૂા.૮,૦૦,૦૦૦ ૪ ટકા વ્યાજે લીધેલ હોય બાદ ફરિયાદીએ સોનાના ઘરેણાની લોન કરી રૂા.૪,૦૦,૦૦૦ તેમજ મકાનની લોન કરી રૂા.૪,૫૦,૦૦૦ તથા પોતાના ઓટો રિક્ષા તથા ફોરવ્હીલ ગાડી વેચીને રૂા.૩,૫૦,૦૦૦ તથા લકઝરી બસ વેંચીને રૂા.૬,૦૦,૦૦૦ મળી કુલ રૂા.૧૮,૦૦,૦૦૦ મુદલ કરતાં ડબલ રોકડ રૂા. ચુકતે કરી આપેલ હોય તેમ છતાં ફરિયાદીની બાબરા તાલુકાના કર્ણુકી ગામની સર્વે નં.- ૨૦૭ જેના ક્ષેત્રફળ ૧-૨૧-૫૮ સાડા સાત વિઘા જમીનનો કબ્જા વગરનો દસ્તાવેજ કરાવી લઈ કિંમત જમીન પડાવી લીધેલ હોય અને તેમની પાસેથી વ્યાજે લીધેલ રૂા. પરત કરી દીધેલ હોય તેમ છતાં ફરિયાદી પાસે અવાર નવાર રૂા.૧૪,૦૦,૦૦૦ તથા તેનું ૪ ટકા લેખે વ્યાજની કડક ઉઘરાણી કરી પૈસા નહીં આપ્યા તો બહાદુરભાઈ તથા તેના ભાઈ પથ્થુભાઈને બાબરાના કર્ણુકી ગામે ભગીરથે જાનથી મારી નાખવાની ધમકી આપ્યાની બાબરા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

# વડીયામાં બિમારીથી કંટાળી ગયેલા યુવાને ગળાફાંસો ખાઇ લેતા મોત થયું

## હર્ષ મસાની બિમારીથી કંટાળી યુવાને અંતિમ પગલુ ભર્યું

અમરેલી, (ક્રાઈમ રિપોર્ટર) વડીયામાં રહેતાં ગોપાલભાઈ ગીરધરભાઈ મકવાણા ઉ.વ.૩૩ને છેલ્લા છ મહિનાથી હર્ષ-મસાની બિમારી હોય તેનો અહસ્ય દુખાવો થતો હોય તેની દવા અમરેલીના ડોકટરની શરૂ હોય પરંતુ દુખાવો સહન ન થતાં પોતાના ઘરે સાડીનો ગાળીયો બનાવી પંખા સાથે બાંધી ગળાફાંસો ખાઈ જતાં મોત નિપજયાનું દિવ્યેશભાઈ ગીરધરભાઈ મકવાણાએ વડીયા પોલીસ મથકમાં જાહેર કરેલ છે.

# ધારીના પ્રેમપરામાં પરિણીતા અને લાઇનપરામાં યુવતિ ગુમ

## ધારી પોલીસમાં અલગ અલગ ફરિયાદો નોંધાય

અમરેલી, (ક્રાઈમ રિપોર્ટર) ધારી પ્રેમપરામાં રહેતી પરિણીતા પોતાના પિયર બાબરા જવાનું કહીં ઘરેથી નિકળી બાબરા નહીં પહોંચી ગુમ થયાનું પતિએ ધારી પોલીસ મથકમાં જાહેર કરેલ છે. જયારે લાઈનપરામાં રહેતી યુવતિ ઘરે કોઈને કહ્યા વગર ગુમ થયાનું યુવતિના પિતાએ ધારી પોલીસ મથકમાં જાહેર કરેલ છે.

# અમરેલી લીલીયા રોડ પર મધરાત્રે ફોરવ્હીલ ડિવાઇડર સાથે અથડાતા બે શખ્સોને ઇજા

## એકને ગંભીર ઇજા થતાં વધુ સારવાર માટે રાજકોટ દવાખાને રિફર કરાયો

અમરેલી, (ક્રાઈમ રિપોર્ટર) અમરેલી લીલીયા રોડ દાદા નગર નજીક પ્રતાપભાઈ બાબુભાઈ મોરવાડીયા તેમજ અવધભાઈ શંભુભાઈ ધાનાણી ઉ.વ.૩૦ અવધભાઈના માતા પિતા જુનાગઢ વેવાઈની ખબર કાઢવા ગયેલ ત્યારે ગાડી ખરાબ થતાં અવધભાઈ તેના મિત્રની ગાડી લઈ તેડવા જતાં હતાં ત્યારે રાત્રીના ૯-૩૦ થી ૧૦ વચ્ચે લીલીયા રોડ દાદા નગર નજીક નાલા સાથે ગાડી ભટકાઈ રોડ નીચે ફોરવ્હીલ ઉતરી જતાં પ્રતાપભાઈ બાબુભાઈ મોરવાડીયા તથા અવધભાઈ શંભુભાઈ ધાનાણીની ૧૦૮ દ્વારા અમરેલી સિવીલ હોસ્પિટલમાં ખસેડવામાં આવેલ જેમાં અવધભાઈ શંભુભાઈ ધાનાણીને ગંભીર ઈજા થતાં વધુ સારવાર માટે રાજકોટ દવાખાને રિફર કરવામાં આવેલ છે.

### શેત્રુંજી વનવિભાગ દ્વારા

# લીલીયા કાર્યક્ષેત્રમાં સ્ટાફ તાલીમ કાર્યશાળા યોજાઇ

## અમરેલી ખાતે પોલીસ હેડ ક્વાટરમાં માર્ગદર્શન અપાયું

અમરેલી, આજરોજ શેત્રુંજી વન્યજીવ વિભાગ પાલીતાણા હેઠળની લીલીયા વન્યજીવ રેન્જના કાર્યક્ષેત્રમાં મે.નાયબ વન સંરક્ષક શ્રી જયન પટેલ સાહેબના માર્ગદર્શનથી શેત્રુંજી વન્યજીવ વિભાગ હેઠળ ફરજ બજાવતા પાયાના સ્ટાફને ફિલ્ડ માં મુંજવતા પ્રશ્નો બાબતે યોગ્ય માર્ગદર્શન મળી રહે તે હેતુથી ફ્રન્ટ લાઈન સ્ટાફ તાલીમ કાર્યશાળા ' નું આયોજન જીલ્લા તાલીમ કેન્દ્ર પોલીસ હેડ ક્વાર્ટર - અમરેલી ખાતે કરવામાં આવેલ જેમાં શેત્રુંજી વન્યજીવ વિભાગ હેઠળ ફરજ બજાવતા રેન્જ ફોરેસ્ટ ઓફિસરશ્રી, રાઉન્ડ ફોરેસ્ટર તથા વનરક્ષકને નિષ્ણાંત ફેકલ્ટી શ્રી નિવૃત મદદનીશ વન સરક્ષક શ્રી ડી.પી.વાઘેલા તેમજ લીગલ એડવાઈઝર વકીલ શ્રી દિનેશ ધમળ દ્વારા કાયદાકીય બાબતોનું માર્ગદર્શન આપવામાં આવેલ, પોલીસ વિભાગ દ્વારા સાઈબર ક્રાઈમ અને સોસીયલ મીડિયા બાબતે તાલીમ આપવામાં આવેલ, તેમજ તાલીમ મેળવેલ સ્ટાફ ને પ્રમાણ પત્ર એનાયત કરવામાં આવેલ.

# ગ્રહોની ચાલ





રોહિત જીવાણી ૯૪૨૬૪૭૧૪૭૦

## આજનું પંચાગ

તા ૨૫.૭.૨૦૨૪ ગુરુવાર, સંવંત ૨૦૮૦ અષાઢ વદ પાંચમ, પૂર્વાભાદ્રપદા નક્ષત્ર, શોભન યોગ, કૌલવ કરણ આજે સવારે ૧૦.૪૪ સુધી જન્મેલાંની ચંદ્રરાશિ કુંભ (ગ,સ,શ) ત્યારબાદ મીન (દ,ચ,ઝ,થ) રહેશે.

## કઈ કઈ રાશિ પનોતીની અસરમાંથી પસાર થઇ રહી છે???

ગઈકાલે હાલમાં રાશિના અભિગમ વિષે વાત કરી તો દંડનાયક શનિ મહારાજ હાલમાં વક્ર ગતિએ કુંભ રાશિમાં ચાલી રહ્યા છે ત્યારે કઈ કઈ રાશિ પનોતીની અસરમાંથી પસાર થઈ રહી છે તે જાણવું રસપ્રદ બનશે. દંડનાયક શનિ મહારાજ પનોતી દરમિયાન સારા ખરાબ કર્મનો હિસાબ કરે છે માટે ઘણા મિત્રોને પનોતી દુ:ખદ લાગે છે તો ઘણા મિત્રોને ખ્યાલ પણ ના હોય તેમ પનોતી પૂર્ણ થઈ જાય છે. શનિ મહારા ક્રૂર ગ્રહ છે માટે તેની દંડ આપવાની પદ્ધતિ પણ થોડી કઠિન હોય છે જે જાતકને ધોળા દિવસે આકાશમાં તારા પણ બતાવી શકે છે અને સતકર્મ માટે શનિ મહારાજ ભેટ સોગાદ પણ એટલી જ આપે



છે અને માટે જ શનિ નો રાજયોગ લાંબો ચાલે છે!! હાલ કર્ક રાશિને નાની પનોતી ચાલી રહી છે જે લાગણીના સબંધોમાં અડચણો લાવે છે તો વૃશ્ચિક રાશિને પણ નાની પનોતી છે જે તેમને સુખ શાંતિથી દૂર રાખે છે અને વારંવાર ગુસ્સો આવે તેવા બનાવોનું સર્જન કરે છે. મકર રાશિને મોટી પનોતી એટલે કે સાડા સાતી છે જે વારંવાર પ્રગતિ અટકાવી પ્રશ્નો ખડા કરે છે તો કુંભ રાશિ પણ મોટી પનોતીમાં એક પછી એક મુશ્કેલીઓનો સામનો કરી રહી છે તો મીન રાશિ પણ મોટી પનોતીમાં વધુ ખર્ચ અનુભવી રહી છે અને અચાનક બનતી ઘટનાઓથી પરેશાન થઈ રહી છે!! શનિની પનોતીના ઉપાયમાં સત્કાર્ય, દાન ધર્મ, સેવા હનુમાનજી, શનિ અને શિવ પૂજા મુખ્ય ગણી શકાય!

મેષ (અ,લ,ઈ) : ગુસ્સા અને આવેશ પર સંયમ રાખવો પડે, ન ગમતી ઘટનાઓમાંથી પસાર થવું પડે, દિવસ માધ્યમ રહે.
વૃષભ (બ,વ,ઉ) : આજના દિવસે કેટલીક બાબતમાં પ્રતીક્ષા કરવાની આવશે, સફળતા માટે થોડી રાહ જોવી પડે પણ યાદ રાખો સફળતા મળશે જ.
મિથુન (ક,છ,ઘ) : નોકરિયાત વર્ગને સારી કામગીરી મળે, વેપારી મિત્રોને ખરીદ વેચાણમાં લાભ થાય, દિવસ સારો રહે.
કર્ક (ડ,હ) : ઘણી ઘટનાઓનું ઊંડાણ પૂર્વક પૃથ્થકરણ કરી શકો, મનોમંથન કરી શકો, આંતરિક શક્તિમાં વૃદ્ધિ થાય.
સિંહ (મ,ટ) : લાગણીના સંબંધોમાં ઠેસ પહોંચતી જોવા મળે, મનમાં બેચેની રહ્યા કરે, ધાર્યા કામ પાર ના પડે.
કન્યા (પ,ઠ,ણ) : વિવાહયોગ્ય મિત્રો માટે સારી વાત આવી શકે છે, ભાગીદારીમાં લાભ થાય, પ્રગતિકારક દિવસ રહે.
તુલા (ર,ત) : લોન વિગેરે બાબતનું ટેન્શન રહેતું જોવા મળે, જીવનમાં નિયમિતતા જરૂરી છે, પૂજા પાઠથી બળ મળી રહેશે.
વૃશ્ચિક (ન,ય) : વિદ્યાર્થીવર્ગે વધુ મહેનત કરવી પડે, સંતાન અંગે ચિંતા જણાય, જો કે ધીમે ધીમે પરિસ્થિતિ સુધરે.
ધન (ધ,ભ,ફ,ઢ): મનમાં નવા તાજા વિચારો અને હકારત્મકતા થી લાભ થાય, લેખન વાંચન અને મનન કરી શકો જેની ખુબ જરુરુ છે.
મકર (ખ,જ) : જીવનમાં પરિવર્તનનો પવન ફૂંકાઈ રહ્યો છે, પરિસ્થિતિમાં ફેરફાર આવી રહ્યો છે, સમજી ને ચાલવું.
કુંભ (ગ,સ,શ) : નિરાશા કે બેચેની જેવું જણાય, મનમાં બેચેની રહ્યા કરે, કોઈ પ્રવૃત્તિમાં મનના લાગે.
મીન (દ,ચ,ઝ,થ): તમારી જાતને અંદર થી ઓળખી શકો, આત્મસંવાદ કરી શકો જેથી તમારી જાતને સારી રીતે તપાસી શકો.

# રાજુલાના ડુંગરમાં દેરીવાળા દાદાના આશ્રમે ગુરૂપૂર્ણિમા પર્વની ઉજવણી

## ગુરૂપુજન, ધ્વજા પુજન, પાદુકા પુજન, મહાપ્રસાદ અને સંતવાણીનું આયોજન



ડુંગર, મહંત જગજીવનદાસ દિનકરદાસ દુધરેજીયા રાજુલા તાલુકાના ડુંગર ગામે આવેલ સંતશ્રી ભડકનસ્વામી બાપુ (દેરીવાળાદાદા) આશ્રમ ખાતે ગુરૂપૂર્ણિમાના દિવસે ગુરૂપુજન, ધ્વજા પુજન, પાદુકા પુજન, મહાપ્રસાદ અને સંતવાણીનું આયોજન કરવામાં આવેલ જેમાં સંતવાણીમાં જગુબાપુ તથા લોકસાહિત્યકાર જીલુદાન ગઢવી, શિતલબેન રબારીએ રમઝટ બોલાવી હતી. દર વર્ષની જેમ આ વર્ષે પણ ભડકનસ્વામીબાપુ આશ્રમ ખાતે ગુરૂપૂર્ણિમાની ઉજવણી કરવામાં આવેલ. મહાપ્રસાદના દાતા માંડણ ગામના લાલજીભાઈ માયાભાઈ કવાડ તરફથી આયોજન કરવામાં આવેલ. આ પ્રસંગે મંગળભાઈ કવાડ, કરશનભાઈ કવાડ, નનાભાઈ કવાડ, મનસુખભાઈ સુદાણી, બચુભાઈ રાભડા, ખોડાભાઈ કંટાસર, નરોતમભાઈ, મનુભાઈ કવાડ, લાખાભાઈ કવાડ, ઝવેરભાઈ પ્રજાપતિ, હિંમતભાઈ નારીગરા, શામજીભાઈ પાંડવ, તથા સાંખટ પરિવારે સેવા આપી હતી. મોટી સંખ્યામાં સંતો તથા ભકતો ઉપસ્થિત રહ્યા હતાં.

# વેરાવળના કુકરાસા ગામે પરિણીતાને ત્રાસ આપ્યો

અમરેલી, (ક્રાઈમ રિપોર્ટર) વેરાવળ તાલુકાના કુકરાસા ગામે રેશ્માબેન રફીકભાઈ દરજાદા ઉ.વ.૩૦ને રફીક ફકીરાભાઈ, અબુ ફકીરાભાઈ, સમીર કાદુભાઈ, રેહાનાબેન અબુભાઈ દરજાદાએ અવાર નવાર કરિયાવર પ્રશ્ને મેણા મારી મુંઢ મારમારી ગાળો બોલી ત્રાસ આપી એકબીજાએ મદદગારી કર્યાની ધારી પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

# જીટીયુ ટોપ ટેનમાં પટેલ સંકુલ પ્રથમ સ્થાને



અમરેલી, એમસીએસેમ-૨ જીટીયુટોપ ટેનમાં સંકુલની કોલેજ પ્રથમ સ્થાને આવેલ છે. જેમાં જીટીયુ ટોપ ટેનમાં સંકુલની બે વિદ્યાર્થીની યુનિવર્સિટી સેકન્ડ છોડવડીયા શિવાનીબેન જયસુખભાઈ તેમજ યુનિવર્સિટી સિકસ વઘાસીયા ખુશીબેન સુરેશભાઈ એ સ્થાન પ્રાપ્ત કરવા બદલ સંકુલ પરિવાર તરફથી તેમને બિરદાવેલ છે.

# અમરેલી જિલ્લામાં જૂન-૨૦૨૪ સુધીમાં ૧.૬૩ લાખ ખેડૂતોને પ્રાકૃતિક કૃષિની તાલીમ આપી

## પ્રાકૃતિક કૃષિ તાલીમ માટે ૫-૫ ગામોના આયોજનબદ્ધ ક્લસ્ટર

અમરેલી, અમરેલી જિલ્લામાં જૂન-૨૦૨૪ સુધીમાં ૧.૬૩ લાખથી વધુ ખેડૂતોને પ્રાકૃતિક કૃષિની તાલીમ આપવામાં આવી છે. ચાલુ વર્ષે જ આત્મા પ્રોજેક્ટ હેઠળ જિલ્લામાં ૯૨૨ જેટલી પ્રાકૃતિક ખેતી માટેની તાલીમ યોજાઈ છે, જેમાં ૨૦ હજારથી વધુ ખેડૂતોને પ્રાકૃતિક કૃષિ માટે પ્રેરિત કરવામાં આવ્યા છે. આ સંદર્ભે અમરેલી આત્મા પ્રોજેક્ટના ડાયરેક્ટર શ્રી ડી.એમ. નિનામા જણાવે છે કે, ખેડૂતોને પ્રાકૃતિક ખેતીની અસરકારક રીતે તાલીમ આપી શકાય તે માટે જિલ્લામાં ૧૨૪ ક્લસ્ટર બનાવવામાં આવ્યા છે અને આ દરેક ક્લસ્ટર વાર એક એટલે કે, ૧૨૪ ફાર્મર માસ્ટર ટ્રેનર નિમવામાં આવ્યા છે. ઉપરાંત ૧૦૩ ટેકનિકલ માસ્ટર ટ્રેનર દ્વારા પ્રાકૃતિક કૃષિની તાલીમ આપવામાં આવી રહી છે. એક ક્લસ્ટરમાં ૫-૫ ગ્રામ પંચાયતને આવરી લેવામાં આવી છે. ખેડૂતોને પ્રાકૃતિક કૃષિ તરફ વાળવા ગામડે ગામડે જઈ, વર્ષોથી પ્રાકૃતિક કૃષિ કરતા ખેડૂત એટલે કે, ફાર્મર માસ્ટર ટ્રેનર ખેડૂતોને પ્રાકૃતિક કૃષિથી પોતાને થયેલા લાભો અને પ્રાકૃતિક કૃષિ પદ્ધતિ વિશે જાણકારી આપી પ્રાકૃતિક ખેતી કરવા માટે ખેડૂતોને પ્રોત્સાહન પૂરું પાડી રહ્યા છે. આ સાથે ખેતીવાડી વિભાગ-શાખા સાથે જોડાયેલા ગ્રામ સેવક, બાગાયત મદદનીશ, ખેતી મદદનીશ પણ પ્રાકૃતિક કૃષિ અંગેનું ટેકનિકલ જ્ઞાન ખેડૂતો સુધી પહોંચાડી રહ્યા છે. જિલ્લામાં યોજાતી પ્રાકૃતિક કૃષિની તાલીમમાં જરુરી ડેમોસ્ટ્રેશન કરવાની સાથે ખેડૂતોને પ્રાકૃતિક કૃષિના પાંચ આધાર સ્તંભ એવા જીવામૃત, ઘન જીવામૃત, આચ્છાદન, વાપ્સા અને સહજીવન એટલે કે મિશ્ર પાક પદ્ધતિ વિશે ખેડૂતોને વિગતવાર જાણકારી આપવામાં આવે છે. જિલ્લામાં જુદા-જુદા તાલુકામાં પ્રાકૃતિક કૃષિની આયોજનબદ્ધ રીતે તાલીમ આપવામાં આવી રહી છે. જેના પરિણામે જિલ્લામાં પ્રાકૃતિક કૃષિની મુહિમ તેજીથી આગળ વધી રહી છે. આત્મા પ્રોજેક્ટના ડેપ્યુટી ડાયરેક્ટર શ્રી દિલીપ ચાવડા અને ટીમ આત્મા જિલ્લામાં પ્રાકૃતિક કૃષિના અભિયાનને આગળ વધારવા માટે સતત જહેમત ઉઠાવી રહી છે.

# સૌરાષ્ટ્રના માર્કેટ યાર્ડના બજાર ભાવો

## કપાસ ૧૦૦૦ થી ૧૫૮૦ મગફળી ૧૦૦૦ થી ૧૨૫૧

**અમરેલી માર્કેટ યાર્ડ**
શિંગમઠડી-૧૦૫૦-૧૨૩૯
શિંગમોટી-૧૦૦૦-૧૨૫૧
મગ-૧૫૯૬-૧૬૪૫
તલસફેદ-૨૦૫૦-૨૭૦૧
તલકાળા-૩૦૪૦-૩૪૯૯
એરંડા-
ઘઉંટુકડા-૪૬૫-૫૬૧
ઘઉંલોકવન-૪૭૫-૫૭૦
તુવેર-
ચણા-૧૧૦૩-૧૩૦૧
કપાસ-૧૦૦૦-૧૫૮૦
જુવાર-૭૮૦-૮૦૦
જીરૂ-૪૬૪૦-૪૭૫૦
ધાણા-૧૨૯૧-૧૨૯૧
સોયાબીન-૮૪૩-૮૪૩
મેથી-
ઈસબગુલ-

**અમરેલી માર્કેટયાર્ડ**
બટેટા-૩૨૦-૫૩૦
રીંગણા-૬૦-૧૦૦
ફ્લાવર-૪૦૦-૫૦૦
કોબીઝ-૫૦૦-૭૦૦
ટમેટાં-૧૫૦૦-૧૭૦૦
ફોદીનો-૬૦૦-૮૦૦
ગાજર-૪૦૦-૫૦૦
ગલકા-૨૦૦-૩૦૦
કાકડી-૨૦૦-૩૦૦
ગુવાર-૧૦૦૦-૧૨૦૦
દુધી-૬૦-૧૦૦
તુરીયા-૪૦૦-૬૦૦
ભીડો-૫૦૦-૬૦૦
આદુ-૧૨૦૦-૧૪૦૦
કોથમીર-૮૦૦-૧૦૦૦
મેથીભાજી-૭૦૦-૮૦૦
ટીંડોરા-૪૦૦-૫૦૦
લીમડોમીઠો-૧૦૦-૧૬૦
મરચાલીલા-૮૦૦-૧૦૦૦
લસણસુકું-૨૦૦૦-૩૪૦૦
લીંબુ-૫૦૦-૮૦૦
પાલક-૬૦૦-૭૦૦

**રાજુલાયાર્ડ**
બાજરો-૪૮૬-૫૦૦
જુવાર-૫૦૦-૮૪૦
શીંગ-૧૦૮૫-૧૦૮૫
શીંગદાણા-૧૫૧૭-૧૬૫૦
ઘઉંટુકડા-૪૮૧-૫૩૦
તલસફેદ-૨૩૦૦-૨૪૭૪
કપાસ-૧૫૧૧-૧૫૫૭
બાજરો-૪૮૬-૫૦૦
જુવાર-૫૦૦-૮૪૦
રાજગરો-
સોયાબીન

**મહુવાયાર્ડ**
ઘઉં-૪૧૪-૬૧૫
ડુંગળીલાલ-૧૧૬-૫૬૩
મગ-૧૩૯૮-૧૬૨૮
તલસફેદ-૨૧૯૦-૨૫૭૧
જીરૂ-
સોયાબીન-૮૧૮-૮૩૫
ચણા-૯૦૦-૧૨૭૮
નાળીયેર-૪૩૦-૧૭૪૦
એરંડા-૧૦૦૧-૧૧૫૨
બાજરી-૪૪૧-૫૧૫
જુવાર-૩૦૦-૯૭૭

**બાબરા**
કપાસ-૧૩૨૩-૧૫૭૬
મગ-
ચણા-
ઘઉં-૪૯૦-૫૧૦
તલસફેદ-૨૨૯૫-૨૩૩૫
જીરૂ-૪૬૬૫-૪૮૭૫
મગફળી-૧૦૮૦-૧૧૪૦

બાજરો-

**ધારી**
કપાસ-
ધાણા-
તલકાળા-
તુવેર-
શીંગદાણા-
મગફળી-
અડદ-
મકાઈ-
ઘઉં-
સોયાબીન-

**સાવરકુંડલા માર્કેટયાર્ડ**
શીંગમોટી-૧૨૦૦-૧૨૩૧
શીંગદાણા-૧૬૦૦-૧૭૦૦
જીરૂ-૪૫૦૦-૪૮૨૨
તલસફેદ-૨૦૦૦-૨૫૩૧
કપાસ-૧૩૦૦-૧૫૫૦
ઘઉંલોકવન-૪૫૦-૫૫૦
મગ-૧૪૫૦-૧૫૩૧
ઘઉંટુકડા-૪૮૦-૫૭૦
ચણા-૧૦૦૦-૧૨૭૦
એરંડી-૧૦૦૦-૧૧૫૦
મગ-૧૪૫૦-૧૫૩૧
બાજરો-૪૦૦-૪૮૭
સોયાબીન--૮૩૫

**ખાંભા**
કપાસ-
જુવારસફેદ-
ચણા-
તલસફેદ
જીરૂ-
શીંગદાણા-
મગફળી-
રાય-


**બગસરા**
જુવાર
કપાસ-
ચણા-
શીંગફાડા
શીંગદાણા-
ઘઉંટુકડા-
ઘઉંલોકવન-
મેથી-
તલસફેદ-
મગ-
સોયાબીન-
એરંડી-
ડુંગળી-

**અમરેલીફ્રુટમાર્કેટભાવ**
ચીકુ-૬૦૦-૧૨૦૦
દાડમ-૬૫૦-૧૩૦૦
મુસંબી-૭૫૦-૧૩૦૦
સંતરા-૧૭૫૦-૨૪૦૦
કીવી-૩૮૦૦-૫૨૦૦
ડ્રેગન ફ્રુટ-૧૭૦૦-૨૪૦૦
અનાનસ-૧૩૦૦-૧૫૦૦
ખારેક-૨૦૦-૧૦૦૦
કેળા-૨૫૦-૩૬૦
પોપૈયા-૬૫૦-૯૦૦
સફરજન હિમાચલ-
સ.કાશ્મીર-૨૬૫૦-૩૮૦૦

## અમરેલી આજનું તાપમાન

મહ ામ તાપમાન ૨૭.૪
ન્યુનતમ તાપમાન ૨૪.૬
ભેજનું પ્રમાણ ૯૫
પવનની ગતિ સરેરાશ ૭.૩

**મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલે કેબિનેટ બેઠકમાં રાજ્યમાં વરસાદની પ્રવર્તમાન સ્થિતિની કરી સમીક્ષા : વરસાદ, ડેમમાં પાણી રોડ-રસ્તાની સ્થિતિ અંગે સર્વગ્રાહી સમીક્ષા કરી**
























## પૂરની સ્થિતિ પહેલાં

- અફવા ફેલાવશો નહિ, શાંત રહો, ગભરાશો નહીં
- સ્થાનિક વહીવટીતંત્રના સંપર્કમાં રહી તેમની સૂચનાઓનું પાલન કરો
- આસપાસમાં સૌથી નજીકના સલામત સ્થળે પહોંચવાનો સલામત માર્ગ જાણો
- હવામાન અને પૂરની ચેતવણીની અદ્યતન માહિતી માટે રેડિયો સાંભળો કે ટેલિવિઝન નિહાળો
- તમારા મોબાઈલ ફોનને ચાર્જ કરી રાખો
- સર્પદંશ અને ઝાડા ઊલટી માટેની વધારાની દવાઓ સાથેની પ્રાથમિક સારવાર કિટ તૈયાર રાખો
- છત્રી સાથે રાખો અને સાપ જેવા ઝેરી જીવજંતુથી બચવા લાકડીની વ્યવસ્થા રાખો
- શુદ્ધ પાણી, સૂકો ખાદ્યપદાર્થ, મીણબત્તી/દીવાસળીની પેટીઓ, કેરોસીન, ફાનસ, મજબૂત દોરડાં, ટોર્ચ સાથે વધારાના બેટરી સેલ હાથવગા રાખો
- પશુઓના બચાવ માટે તેમને ખૂંટાથી છૂટાં રાખો

## સ્થળાંતર કરવાનું થાય ત્યારે

- લોકો અને પશુઓ સલામત આશ્રય લઈ શકે તેવા ઊંચા સ્થળે સ્થળાંતર કરો
- ઘરને તાળું મારી બંધ કરો અને દર્શાવેલા માર્ગે સલામત સ્થાને પહોંચો
- પૂરના પાણી ગટર દ્વારા ઘરમાં ન ઘૂસે તે માટે રેતીની કોથળીઓ મૂકી ગટર બંધ રાખો
- કપડાં, જરૂરી દવાઓ, કિંમતી ચીજ વસ્તુઓ, અંગત દસ્તાવજો વગેરેને વોટરપ્રુફ પેકિંગમાં બાંધી સાથે રાખો
- ફર્નિચર, ઘર ઉપયોગી સાધનો વગેરેને પલંગ કે ટેબલ ઉપર ઊંચે મૂકી રાખો
- ઘર છોડતા પહેલાં વીજ પુરવઠો અને ગેસ સિલિન્ડર બંધ કરો
- અજાણ્યા અને ઊંડા પાણીમાં ઉતરવાનું ટાળો

## પૂર દરમિયાન

- ગટર અને પાણીના નિકાલ માર્ગોથી દૂર રહો
- વીજ કરંટથી બચવા વીજળીના થાંભલા અને જમીન પર પડેલાં વીજ વાયરોથી દૂર રહો
- ઉકાળેલું જ પાણી પીવો અથવા પાણીને જંતુમુક્ત કરી પીવો
- આસપાસની જગ્યાને જંતુમુક્ત રાખવા ચૂનો અને બ્લિચીંગ પાવડરનો છંટકાવ કરો
- બાળકોને ભૂખ્યાં ના રાખો
- તાજો રાંધેલો અને સૂકો ખોરાક ખાવ, ખોરાકને ઢાંકીને રાખો

## પૂર બાદ

- સ્થાનિક સત્તાધિશો અને આકસ્મિક સેવાઓ સાથે જોડાયેલાં કાર્યકરોની સલાહ ધ્યાનથી સાંભળી, તેનું પાલન કરો
- મેલેરિયાથી બચવા માટે મચ્છરદાનીનો ઉપયોગ કરો
- બાળકોને પૂરના પાણીમાં કે પૂરના પાણીની નજીક જવા દેશો નહીં
- તૂટેલાં વીજ થાંભલાઓ, ક્ષતિગ્રસ્ત પુલ-નાળાં, તૂટેલાં કાચ, ધારદાર ચીજવસ્તુઓ અને ભંગારથી સાવચેત રહો
- ક્ષતિગ્રસ્ત વીજ ઉપકરણોનો ઉપયોગ ટાળો, ઈલેક્ટ્રિશીયન પાસે ચેક કરાવ્યા બાદ જ આવા ઉપકરણોનો ઉપયોગ કરો
- પૂરના પાણીથી પલળેલો ખોરાક આરોગો નહીં
- આકસ્મિક સમયે રાહત અને બચાવ માટે અહીં દર્શાવેલા આપાતકાલિન કંટ્રોલ રૂમના ટેલિફોન નંબર ઉપર જાણ કરો

**આપાતકાલિન સંપર્ક (લેન્ડલાઈન ફોન માટે)* જિલ્લા કંટ્રોલ રૂમ - ૧૦૭૭ / રાજ્ય કંટ્રોલ રૂમ - ૧૦૭૦**

***મોબાઇલથી સંપર્ક કરવા માટે ડિસ્ટ્રીક્ટ કોડ જોડવો**

### જવાબદાર બનો

**તમારી અને તમારા આસપાસના લોકોની સુરક્ષા સુનિશ્ચિત કરો.**

### વહીવટી તંત્રને સહકાર આપો

**જેથી ભેગા મળી વહેલી તકે સમસ્યાઓનું સમાધાન થઈ શકે.**

**અદ્યતન અને વિશ્વસનીય માહિતી નીચેના સોશિયલ મીડિયા હેન્ડલ્સ પરથી મળી શકશે**

@infogujarat | gujaratinformation.official | gujarat.information